# *એ.ટી.ડી. અને ફાઈનઆર્ટ્સ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોને ફોર્મ ભરવા સબંધી સૂચનાઓ / માહિતી પત્રક*

- એ.ટી.ડી. અને ફાઈનઆર્ટ્સ પ્રવેશ ૨૦૧૭-૧૮ના વર્ષનું ઓનલાઈન અરજીપત્રક નીચે જણાવેલ વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. જે મુજબ તા.૨૧/૭/૨૦૧૭ થી તા.૩૧/૭/૨૦૧૭ સુધી ઓન લાઈન અરજી કરી શકાશે.
- એ.ટી.ડી. માટે www.atdgujarat.org
- ફાઈન આર્ટ્સ માટે www.fineartsgujarat.org
- પ્રવેશ અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઈટ પર મુકવામાં આવેલ સૂચનાઓ / માહિતી પત્રિકાની વિગતો અને નિયમોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી.
- **એ.ટી.ડી.માં પ્રવેશ માટેની લાયકાત** - ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા કે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન કે કાઉન્સિલ ઓફ ધ ઈન્ડીયન સ્કૂલ સર્ટીફિકેટ એક્ઝામિનેશન, નવી દિલ્લી દ્વારા લેવાયેલ ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય કેન્દ્રિય શાળાઓ / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાંથી ધોરણ-૧૨ની પરીક્ષા પાસ.
- એ.ટી.ડી.માં ધોરણ-૧૨ની માર્કશીટમાં દર્શાવેલ કુલ માર્કસમાંથી મેળવેલ માર્કસની ટકાવારીના આધારે પ્રવેશ આપવામાં આવશે. જો ધોરણ-૧૨માં સરખુ મેરીટ આવે તો ધોરણ-૧૦ની ટકાવારી ધ્યાનમાં લઈ ધોરણ-૧૦માં વધુ ટકા ધરાવનાર ઉમેદવાર પ્રવેશપાત્ર ઠરશે. ધોરણ-૧૨ની પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્નથી પાસ કરી હોય તો મેરીટ નકકી કરતી વખતે કોઈ ગુણ કપાત કરવાના રહેશે નહી.
- એ.ટી.ડી.માં ઉમેદવારની ઉંમર તા.૨૧/૭/૨૦૧૭ના રોજ ઓછાંમાં ઓછી ૧૭ વર્ષ અને વધુમાં વધુ ૩૦ વર્ષ હશે તેવા ઉમેદવાર જ અરજી કરી શકશે. અનામત વર્ગના ઉમદવારોને નિયમાનુસાર પાંચ વર્ષની છૂટછાટ મળશે. અનામત વર્ગ માટે સરકારશ્રીએ ઠરાવેલ જગ્યા કે સંખ્યા અનામત રહેશે.
- **ફાઈન આર્ટ્સમાં પ્રવેશ માટેની લાયકાત** - ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા કે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન કે કાઉન્સિલ ઓફ ધ ઈન્ડીયન સ્કૂલ સર્ટીફિકેટ એક્ઝામિનેશન, નવી દિલ્લી દ્વારા લેવાયેલ ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય કેન્દ્રિય શાળાઓ કે માધ્યમિક શાળાઓમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ.
- ફાઈન આર્ટ્સમાં ધોરણ-૧૦ની માર્કશીટમાં દર્શાવેલ કુલ માર્કસમાંથી મેળવેલ માર્કસની ટકાવારીના આધારે પ્રવેશ આપવામાં આવશે. જો ધોરણ-૧૦માં સરખુ મેરીટ આવે તો તેવા વિદ્યાર્થીઓની જન્મ તારીખ ધ્યાને લઇ જે વિદ્યાર્થી ઉંમરમાં મોટો હશે તેને પ્રવેશ આપવામાં આવશે. ધોરણ-૧૦ની પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્નથી પાસ કરી હોય તો મેરીટ નકકી કરતી વખતે કોઈ ગુણ કપાત કરવાના રહેશે નહી.

- ફાઈન આર્ટ્સમાં ઉમેદવારની ઉંમર તા.૨૧/૭/૨૦૧૭ના રોજ ઓછાંમાં ઓછી ૧૫ વર્ષ અને વધુમાં વધુ ૨૨ વર્ષ હશે તેવા ઉમેદવાર જ અરજી કરી શકશે. અનામત વર્ગના ઉમદવારોને નિયમાનુસાર પાંચ વર્ષની છૂટછાટ મળશે. અનામત વર્ગ માટે સરકારશ્રીએ ઠરાવેલ જગ્યા કે સંખ્યા અનામત રહેશે.
- એ.ટી.ડી./ફાઈન આર્ટ્સના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ધોરણ–૧૨/ધોરણ-૧૦ની પરીક્ષા ચિત્રકામના વિષય સાથે પાસ કરેલ હોય અથવા રાજય પરીક્ષા બોર્ડની માધ્યમિક ચિત્રકામ કક્ષાની (ઈન્ટરમીડીએટ( પરીક્ષા પાસ કરેલ વિધાથીઓને અગ્રતા આપવામાં આવશે. ધોરણ-૧૨/ ધોરણ-૧૦માં ચિત્ર વિષય ન હોય તેવા વિધાર્થીઓ પણ અરજી કરી શકશે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે તા.૩૧/૩/૨૦૧૭ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષનુ તા.૧/૪/૨૦૧૭ પછીનું નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર જોડવાનુ રહેશે.
- વિકલાંગ ઉમેદવારની યોગ્યતા બાબતે પ્રમાણપ્રત્ર ઉપરાંત ચકાસણી સમિતિનો નિર્ણય આખરી ગણાશે. જરુર જણાય તેવા કેસો મેડીકલ બોર્ડને રીફર કરી શકાશે.
- ધોરણ-૧૦ પછીના ફાઈન આર્ટ્સના પાંચ વર્ષના ડીપ્લોમા અભ્યાસક્રમ માટે એપ્લાઈડ, પેઈન્ટીંગ અને શિલ્પ પૈકી જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. એક કરતાં વધુ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે યોગ્ય વિકલ્પ પસંદ કરી અલગ-અલગ ફોર્મ ભરવાના રહેશે.
- બે કે તેથી વધુ કેટેગરી ભરતાં અથવા કોઈ માહિતી બાકી રાખતા ફોર્મ રદ થાય તે માટે ઉમેદવાર જવાબદાર રહેશે.
- ઓનલાઈન અરજીપત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશઃ ભરી અને Submit કરતાં પહેલાં તેની Print Preview પર જોઈ લેવી અને જો કોઈ વિગતમાં ભૂલ જણાય તો Edit કમાન્ડનો ઉપયોગ કરી સુધારવી એમ સંપૂર્ણ વિગતો સાથેનુ ફોર્મ Submit કરી અને Print કમાન્ડનો ઉપયોગ કરી અરજીપત્રકની હાર્ડ કોપી કાઢવી.(ભરેલ ફોર્મને પ્રિન્ટ કરવુ.)
- અરજીપત્રકની હાર્ડ કોપીમાં તાજેતરનો પાસ પોર્ટ સાઈઝનો ફોટો ગુંદર/ફેવીકોલથી ચોંટાડી આ અરજીપત્રક રાજયના નકકી કરેલ સ્વીકાર કેન્દ્ર પર જરૂરી અસલ ગુણપત્રકો/ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી સ્વ-પ્રમાણિત નકલો જોડીને અરજીપત્રક ફી પેટે એ.ટી.ડી. માટે રૂ. ૪૦/-(અંકે રૂપિયા ચાલીસ પુરા) અને ફાઈન આર્ટ્સ માટે અરજીપત્રક દીઠ રૂ.૧૫/-(અંકે રુપિયા પંદર પુરા) ફી ભરીને સ્વીકાર કેન્દ્ર મારફતે Submit કરવું અને પહોંચ મેળવી લેવી.
- અરજીપત્રકની હાર્ડ કોપી નકકી કરેલ સ્વીકાર કેન્દ્ર પર તા.૨૧/૦૭/૨૦૧૭ થી તા.૦૩/૦૮/૨૦૧૭ સુધી રૂબરુમાં(જાહેર રજાઓના દિવસો સિવાય) ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
- ટપાલ કે કુરીયર મારફતે પ્રવેશ અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહિ અને તે રદ થયેલ ગણાશે.

➢ સ્વીકાર કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | કોલેજનું નામ | એ.ટી.ડી. | ફાઈન આર્ટ્સ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટર્સ, આંબાવાડી, અમદાવાદ | એ.ટી.ડી. | એપ્લાઈડ | પેઈન્ટિંગ | શિલ્પ |
| ૨ | ઇપ્કોવાલા–સંતરામ કોલેજ ઓફ ફાઇન આર્ટસ, વલ્લભવિધાનગર, જિ.આણંદ | એ.ટી.ડી. | એપ્લાઈડ | પેઈન્ટિંગ | શિલ્પ |
| ૩ | શ્રીમતી આર.વી. શાહ કોલેજ ઓફ ફાઈન આર્ટસ, ધોળકા, જિ.અમદાવાદ | એ.ટી.ડી. | એપ્લાઈડ | | |
| ૪ | શ્રી બી.એ.મહેતા કલા મહાવિદ્યાલય અમલસાડ, તા.ગણદેવી, જિ.નવસારી | એ.ટી.ડી. | એપ્લાઈડ | | |
| ૫ | શકિતકૃપા આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, હિંમતનગર, જિ.સાબરકાંઠા | એ.ટી.ડી. | | | |
| ૬ | આદર્શ આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, બાયડ, જિ.સાબરકાંઠા | એ.ટી.ડી. | | | |
| ૭ | પંચમહાલ આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, લુણાવાડા, જિ.મહીસાગર | એ.ટી.ડી. | | | |
| ૮ | સર્વોદય આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ , સાલાવાડા, જિ.મહીસાગર | એ.ટી.ડી. | | | |
| ૯ | રાષ્ટ્રીય કલા મહાવિધાલય, બાલાસિનોર, જિ.મહીસાગર | એ.ટી.ડી. | | | |
| ૧૦ | ધ ન્યુ પ્રોગ્રેસીવ કોલેજ ઓફ ફાઈન આર્ટસ, મહેસાણા, જિ.મહેસાણા | | એપ્લાઇડ | | |

➢ ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ કોલેજોમાં એ.ટી.ડી વિભાગમાં કુલ-૫૦ અને ફાઈન આર્ટ્સ (એપ્લાઈડ, પેઈન્ટિંગ અને શિલ્પ) વિભાગમાં વિભાગદીઠ કુલ-૫૫ વિદ્યાર્થીઓને કેટેગરી વાઈઝ પ્રવેશ અપાશે.

➢ પ્રવેશની કામગીરી શરૂ થાય તે પહેલાં જો કોઈ ઉમેદવારની ધોરણ-૧૨/ધોરણ–૧૦ની માર્કસીટમાં ગુણ સુધારો થયેલ હોય તો રૂબરૂમાં આ કચેરીને પહોંચાડેલ હશે તે જ ધ્યાનમાં લેવાશે અન્ય રજુઆત ધ્યાનમાં લેવાશે નહિ.

➢ આ અરજીપત્રક સંપૂર્ણ રીતે ભરીને જાહેરાતમાં દર્શાવેલ સ્થળે નિયત તારીખ સુધીમાં રુબરુમાં જ સ્વીકારવામાં આવશે. નિયત તારીખ પછી અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહિ.

➢ અરજીપત્રક સાથે જરૂરી પ્રમાણપત્રોની સુવાચ્ય પ્રમાણિત નકલ અરજીપત્રકથી છુટી ન પડે તે રીતે બીડવી.

➢ અધુરી વિગત, જરૂરી પ્રમાણપત્રો અને આધારોની પ્રમાણિત નકલો સિવાયની તથા નિયત નમુનામાં ન આવેલ અથવા ફોટા સિવાયની અરજીઓ રદબાતલ ગણાશે. આ અંગેનો કોઈ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

- અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના (માંડલ પંચ), બિન-અનામત વર્ગના આર્થિક રીતે નબળા તથા વિકલાંગ ઉમેદવારોએ અરજીપત્રક સાથે જાતિ/વિકલાંગતા અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે.
- વિધવા માટે મામલતદારશ્રીનુ પ્રમાણપત્ર/પતિના મૃત્યુનું પ્રમાણપત્ર, પુનઃલગ્ન કરેલ નથી તેવુ હાલનુ સોગંદનામું રજુ કરવાનુ રહેશે.
- વાલ્મિકી કેટેગરી માટે જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીના પ્રમાણપત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ હોવો જોઈએ.
- માજી સૈનિક/આશ્રિત કેટેગરી માટે જિલ્લા સૈનિક બોર્ડનુ પ્રમાણપત્ર (સંપૂર્ણ વિગતો સાથે) બીડેલ હોવું જોઈએ.
- વિકલાંગ ઉમેદવારોએ પોતાના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથેનુ વિકલાંગની ટકાવારી દર્શાવતુ જિલ્લા સિવિલ સર્જનશ્રીનુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. વિકલાંગતા અંગે શિક્ષણ વિભાગના તા.૧૧/૬/૨૦૦૬ના ઠરાવથી નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

(૧) મુકબધિર

(અ) મુકબધિર ઉમેદવારો માટે સૌ પ્રથમ અગ્રતા તેમના સ્પષ્ટ ઉચ્ચારણો/સ્પષ્ટ સાંભળી શકવાની ક્ષમતા હોવી જરૂરી.

(બ) મુકબધિરનુ પ્રમાણ નીચે મુજબ હોવુ જરૂરી.

| Category | Type of Impairment | DB Level and /or | Speech discrimination | Percentage of Impairment |
|---|---|---|---|---|
| II | Moderate hearing Impairment | 41 to 55 db in better ear | 50 to 80 % in better ear | 40% to 50% |
| III | Severe hearing Impairment | 56 to 70 db hearing Impairment in better ear | 40 to 50% in better ear | 50% to 75% |

(૨) અંધત્વ અથવા અલ્પ દ્રષ્ટિ

(અ) શાળાના વર્ગ ખંડમાં નિરીક્ષણ કરી શકેતેવી દ્રષ્ટિક્ષમતા હોવી જરૂરી.

(બ) અંધત્વ અથવા અલ્પ દ્રષ્ટિનું પ્રમાણ નીચે મુજબ હોવુ જરૂરી.

| Category | Better eye | Worse eye | Percentage Impairment |
|---|---|---|---|
| I | 3/18 to 6/36 | 6/60 to Nil | 75% |
| II | 6/60 to 4/60 | 3/60 to Nil | 75% |
| III | 3/60 to 1/60 | HC at 1 fit to Nil | 100% |

(3) અસ્થિ વિષયક વિકલાંગતા

(અ) આપમેળે સરળ રીતે હરીફરી શકવાની ક્ષમતા જરૂરી.

| (બ) 40 ટકા અથવા તેનાથી વધારે પ્રમાણિત વિકલાંગતા. |
|---|

- સરકારશ્રીના નિયમો મુજબ જે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (માંડલ પંચ), બિન અનામત આર્થિક રીતે નબળા તથા વિકલાંગ, વિધવા, વાલ્મિકી, માજી સૈનિક/સૈનિકના આશ્રિત, કેન્દ્ર શાસિત પ્રદેશમાં અભ્યાસ કરેલ ઉમેદવાર માટે પ્રવાહવાર સંખ્યા/ટકાવારી નકકી થયેલ છે તે મુજબ કલા સંસ્થાઓમાં અનામત બેઠકોથી જગ્યા ભરવામાં આવશે.
- મહિલાઓ માટે સરકારશ્રીએ નક્કી કરેલ ધારા-ધોરણ પ્રમાણે ૩૩ ટકા બેઠકો દરેક કેટેગરીમાં અનામત રહેશે.
- પ્રવેશ માટે નિયત તારીખ અને નિયત સ્થળે ઉમેદવારે અવશ્ય હાજર થવાનુ રહેશે.
- જે કલા સંસ્થામાં પ્રવેશ મળશે તે કલા સંસ્થાના નિયમો બંધનકર્તા રહેશે.
- પ્રવેશાર્થીએ જે તે કલા સંસ્થામાં પ્રવેશ મળ્યા પછી નિયત સ્થળે રુબરુમાં નિયમાનુસારની ફી ભરવાની રહેશે તથા અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે અન્યથા પ્રવેશ રદ ગણાશે.
- પ્રવેશ સબંધી કોઈ વિવાદ ઉભો થાય તો તેના ઉકેલ નિયામકશ્રી, શાળાઓ, ગાંધીનગર જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા ગણાશે.
- અરજદારે અરજીપત્રકમાં આપેલી માહિતી પાછળથી ખોટી સાબિત થશે તો તેમનો પ્રવેશ ગમે તે સમયે રદ થશે.
- અરજીપત્રક ભરવાથી કે કોલલેટર મળવાથી પ્રવેશ મળશે તેવી કોઈ ખાતરી આપવામાં આવતી નથી, પ્રવેશના મેરીટના નિયમો મુજબ જો પ્રવેશપાત્ર થતા હશે તો જ પ્રવેશ આપવામાં આવશે.
- **એકવાર પ્રવેશ લીધા બાદ ઉમેદવારે લીધેલ પ્રવેશની કોલેજ બદલી શકાશે નહી અને પ્રવેશ લીધા પછી આવી બદલી અંગેની રજુઆત પરત્વે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહી.**
- પ્રવેશ ફોર્મ જાહેરાતમાં દર્શાવેલ સ્થળો સિવાય અન્ય કચેરીએ કે સ્થળે મોકલી આપવામાં આવશે તો તે સમયમર્યાદામાં હોય કે સમયમર્યાદા બહાર હોય પરંતુ તેના ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહિ અને આ ફોર્મ રદ થયેલ ગણાશે.
- વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ૩૦ ટકા (પી.ટી.સી. મુજબનુ ગુણનુ મેરીટ ગણાશે) બાકીની ૭૦ ટકા જેટલી બેઠકો સામાન્ય પ્રવાહ (સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહમાં) ધોરણ-૧૨મા ઉર્તિણ ઉમેદવારોના સપ્રમાણમાં રહેશે.
- અનામત કેટેગરીના ઉમેદવાર ઓપન મેરીટમાં આવતા ઓપન મેરીટના કેસમાં પસંદગીના સ્થળે જો બિન-અનામત(ઓપન) જગ્યા ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા ન હોય તેવા સજાંગોમાં ઉમેદવાર ઈચ્છે તો પોતાની અનામત કેટેગરીની જગ્યા ઉપર પ્રવેશ મેળવવા સંમતિ આપવાની રહેશે અને જે દિવસે સબંધિત અનામત કેટેગરીની પ્રવેશની કાર્યવાહી શરૂ

થશે તે દિવસે તે સમયે આ ઉમેદવારે પ્રવેશ માટે ફરી હાજર થવાનુ રહેશે અને ત્યારે જ પ્રવેશ મળશે.

- વિકલાંગ ઉમેદાવારોને કેટેગરી વાર મળીને કુલ ૩ ટકા જગ્યામાં પ્રવેશ મળવાપાત્ર થશે.
- સગર્ભા મહિલા ઉમેદવારોને પ્રવેશ મળી શકશે નહી તેમ છતાં પ્રવેશ મેળવ્યા બાદ મહીલા સગર્ભા હોવાનુ માલુમ પડશે તો તેમનો પ્રવેશ આપોઆપ રદ થયેલો ગણાશે. આ બાબતે રજુઆત કરવાની કે અન્ય કોઈ તક આપવામાં આવશે નહી.
- **ઉમેદવારે અરજી સાથે રજુ કરવાના પ્રમાણપત્રો/ ગુણપત્રકોની યાદી**

1. એસ.એસ.સી.(ધોરણ-૧૦) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ.
2. એચ.એસ.સી.(ધોરણ-૧૨) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ.
3. શાળા છોડયાનું પ્રમાણપત્ર.
4. ધોરણ-૧૨ પાસ કર્યા અંગેનું શાળાના આચાર્યએ આપેલ ટ્રાયલ સર્ટીફીકેટ.
5. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પરીક્ષા પાસ કર્યાનું સમયગાળો બે વર્ષ કરતાં વધુ હોય તો તે દરમ્યાન અન્ય અભ્યાસ કરેલ હોય તો તે અંગેના પ્રમાણપત્રો.
6. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ(બક્ષીપંચ), બિન-અનામત વર્ગના આર્થિક રીતે નબળા તથા વાલ્મિકી જાતિના અરજદારોએ સંબંધિત ખાતાએ નિયત કરેલ નમૂનામાં ખાતા ધ્વારા નિયુકત કરવામાં આવેલા નીચે જણાવેલ પૈકીના કોઈ પણ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર.

(આર. એમ.પગી)
સંયુકત શિક્ષણ નિયામક,
નિયામક શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર.